# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### યાત્રાધામ ડાકોરમાં ભ્રષ્ટાચારી 'વહીવટ'નો આખરે અંત | બે મહિનામાં બે રેડ પડતા ઉચ્ચ અધિકારીઓની ગાજ

# ડાકોરમાં અડિંગો જમાવનારા ૨ પોલીસ કર્મી સસ્પેન્ડ

**રાજકીય પીઠબળના** જોરે બદલીઓનો ખેલ ખેલનારા તત્વોમાં ફફડાટ ફેલાયો

(પ્રતિનિધિ) ડાકોર તા.15

યાત્રાધામ ડાકોરમાં કાયદો અને વ્યવસ્થાની મજાક ઉડાવતા અને ભ્રષ્ટાચારના ગઢ સમાન વહીવટદારો સામે આખરે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ લાલ આંખ કરી છે. છેલ્લા બે મહિનામાં ડાકોરમાં થયેલી બે મોટી રેડ બાદ, વર્ષોથી એક જ સ્થળે અડિંગો જમાવી બેઠેલા વિવાદિત વહીવટદાર હાર્દિક શર્મા અને બીટ જમાદાર હેડ કોન્સ્ટેબલ કિશોર પ્રજાપતિને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહીને પગલે ડાકોરની જનતામાં હર્ષોલ્લાસની લાગણી ફેલાઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડાકોર પોલીસ મથકના ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ હાર્દિક શર્મા જેવા કર્મચારીઓ વર્ષ 2014થી ડાકોરમાં 'વહીવટદાર'ની ભૂમિકામાં રહીને ભ્રષ્ટાચાર આચરવાની અનેક ફરિયાદો ઊઠી હતી. અગાઉ 2024માં પણ હાર્દિક શર્મા, અર્જુનસિંહ બલુસિંહ પરમાર અને અન્ય બે સભ્યોની બદલી હેડ ક્વાર્ટર નડિયાદ ખાતે કરવામાં આવી હતી. જોકે, રાજકીય વગ અને સાંઠગાંઠનો ઉપયોગ કરીને આ કર્મચારીઓ ગણતરીના મહિનાઓમાં જ ફરીથી ડાકોરમાં મહત્વના હોદ્દા પર પરત આવી જતા હતા.





આ નિષ્ક્રિય અને ભ્રષ્ટાચારી અધિકારીઓની સીધી સાંઠગાંઠ દારૂ, જુગાર અને આંકડા જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સાથે હોવાનું સામે આવ્યું છે. સસ્પેન્શનના સમાચાર મળતાની સાથે જ ડાકોરમાં ચાલતા તમામ ગેરકાયદે ધંધાઓ પર કમાન કસાઈ ગઈ હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સીમલજ ગામના દરોડા દરમિયાન પકડાયેલા દારૂના કેસની તપાસમાં બુટલેગર મહેશ વાઘેલાનો જથ્થો હતો. સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ અથવા તેમના નબળા નેટવર્કને કારણે આ પ્રવૃત્તિ ચાલતી હોવાનું જણાતા ડીજીપીએ આકરા પગલાં લીધા છે અને ડાકોર પોલીસ મથકના ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ હાર્દિક શર્મા અને જેમના શિરે વિસ્તારની સુરક્ષાની જવાબદારી હતી તે બીટ જમાદાર હેડ કોન્સ્ટેબલ કિશોર પ્રજાપતિને પોતાની હદમાં ચાલતી ગેરકાયદે નિષ્ફળતા અને ફરજમાં ગંભીર બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. એક સાથે બે પોલીસકર્મીઓ સામે લેવાયેલા કડક પગલાંને કારણે ડાકોર બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. જ્યારે રાજનેતાના આશીર્વાદથી મનમાની કરનારા વહીવટદારોના સસ્પેન્શનથી સ્થાનિક રહીશોમાં ભારે ખુશી જોવા મળી રહી છે.



**ગુજરાતમિત્રનો ૧૧ જૂનનો અહેવાલ**

યાત્રાધામ ડાકોરમાં 'ખાખી' શરમાઈ | ઠાસરાના હરખોલમાંથી ૧.૮૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

## ડાકોર પોલીસમાં 'વહીવટદારો'ના ખેલથી કામગીરી શંકાના દાયરામાં

**સ્થાનિક** પોલીસની રહેમનજર હેઠળ ધમધમતા દારૂના અડ્ડા પર LCBનો દરોડો

(પ્રતિનિધિ) ડાકોર તા.૧૦

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર અને તેની આસપાસના વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ લાગી રહ્યું છે. ડાકોર પોલીસ સ્ટેશનની હદમાં આવતા હરખોલ ગામમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે અચાનક ત્રાટકીને લાખોનો દારૂ ઝડપી પાડતા સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા અને સંડોવણી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. એક તરફ સ્ટેટ મોનિટરિંગ સેલ અને લોકલ ક્રાઈમ બ્રાંચ દરોડા પાડી રહી છે, ત્યારે બીજી તરફ સ્થાનિક પોલીસ 'શાંતિની ઊંઘ' માણતી હોય અથવા હપ્તાખોરીમાં વ્યસ્ત હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ડાકોર પોલીસ સ્ટેશનની કામગીરી પર શંકાના વાદળો ઘેરાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક કર્મચારીઓ છેલ્લા પથી ૧૦ વર્ષથી અહીં જમાવીને બેઠા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જો તેમની બદલી કરવામાં આવે તો પણ રાજકીય કાવાદાવા કરીને તેઓ ટૂંક સમયમાં પરત ડાકોર આવી જાય છે. આ 'ટ્રાન્સફર ગેમ' પાછળ કયું મોટું રહસ્ય છુપાયેલું છે ? તે તપાસનો વિષય છે.

**મહિનામાં બે મોટા દરોડા: પોલીસની પોલ ખુલી**

ગત મહિને જ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સીમળજ ગામમાં રેડ કરીને લાખોનો દારૂ અને મહેશ નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. મહિનામાં બીજી વખત થયેલી આ મોટી રેડ સાબિત કરે છે કે ડાકોર પોલીસની હદમાં જુગાર, આંકડા અને દારૂના સ્ટેન્ડ બેરોકટોક ચાલી રહ્યા છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા જો તટસ્થ તપાસ કરવામાં આવે તો ડાકોર પોલીસના અનેક 'વહીવટદારો'ના પગ નીચેથી જમીન સરકી શકે તેમ છે. બહારની એજન્સીની સતત કામગીરી સામે સ્થાનિક પોલીસની ચુપ્પી મોટા ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે છે.

**રાજકીય પીઠબળ ધરાવતો 'ખેલાડી' હજુ પણ પોલીસ પકડથી દૂર?**

હરખોલ દરોડામાં વિજયકુમાર ઉર્ફે સેન્ટો પરમાર ઝડપાઈ ગયો છે, પરંતુ મુખ્ય સૂત્રધાર ગણાતો રાજુ નવલસિંહ સોલંકી હજુ પણ પોલીસના હાથમાં આવ્યો નથી. ચર્ચાઈ રહ્યું છે કે રાજુ સોલંકી મોટા રાજકીય સંબંધોની આડમાં દારૂનો કાળો કારોબાર ચલાવે છે. તેની સામે અનેક ગુનાઓ નોંધાયેલા હોવા છતાં સ્થાનિક પોલીસ તેના પર કાર્યવાહી કરતા કેમ ખચકાય છે? શું વહીવટદારો અને પોલીસ ઇન્સ્પેક્ટરને તેનું સીધું પીઠબળ છે?

**તપાસનો વિષય: 2001થી 'ભૂમિ પૂજન' કરી બેઠેલા અન્ય કર્મચારીઓ કોણ?**

ડાકોર પોલીસ મથકમાં માત્ર હાર્દિક શર્મા જ નહીં, પરંતુ એવા પણ કર્મચારીઓ છે જેઓ વર્ષ 2001થી સતત અહીં જ ફરજ બજાવે છે. બદલી થાય તો પણ રાજકીય દબાણ લાવીને ફરી ડાકોર જ પસંદગીનું સ્થળ બનાવી પરત આવી જાય છે. જો ઉચ્ચ અધિકારીઓ દ્વારા આવા 'કાયમી' બની ગયેલા કર્મચારીઓની યોગ્ય તપાસ કરવામાં આવે તો પોલીસ વિભાગની છબી ખરડાતી બચી શકે છે.

**શા માટે કાર્યવાહી કરવામાં આવી ?**

ડાકોર પોલીસ સ્ટેશન વિસ્તારના સીમલજ ગામમાં ગત 17મી તારીખના રોજ ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે વિદેશી દારૂનું મોટું કટીંગ થવાનું છે. આ બાતમીના આધારે વિજિલન્સની ટીમે દરોડો પાડતા બુટલેગરોમાં નાસભાગ મચી ગઈ હતી. એસએમસીની ટીમે ફિલ્મી ઢબે પીછો કરતા બુટલેગરોએ પોતાની ગાડીઓ સીમલજ ગામની પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં ઘુસાડી દીધી હતી. જોકે, પોલીસે સતર્કતા દાખવી સ્થળ પરથી એક સ્વિફ્ટ કાર અને એક ઈકો કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. આટલા મોટા પાયે દારૂનો વેપાર સ્થાનિક પોલીસની જાણ બહાર હોય તે વાત ગળે ઉતરી ન હતી.

---

### નડિયાદ શહેરમાં વિવિધ ગુના આચરી ભય ફેલાવતા કાર્યવાહી

# નડિયાદનો કુખ્યાત માસુમ મહિડા પાસા જેલમાં ધકેલાયો

**છેતરપિંડી અને એસિડ** એટેકની ધમકી આપી દહેશત ફેલાવનારો માસુમ ભાવનગર જેલમાં ધકેલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૫

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે અસામાજિક તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. નડિયાદના પીજ રોડ પર આવેલી ઈડન ગાર્ડન સોસાયટી પાસે રહેતા અને અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા રીઢા ગુનેગાર માસુમ ઉર્ફે ટીનો કાળુભાઈ મહિડા સામે પાસા (PASA) હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ખેડા એલસીબી પોલીસે કલેક્ટરના આદેશથી આરોપીની અટકાયત કરી તેને ભાવનગર જિલ્લા જેલમાં મોકલી આપ્યો છે.



નડિયાદના કૂખ્યાત માસુમ મહિડા વિરુદ્ધ નડિયાદ રૂરલ પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો નોંધાયેલ હતો. પોલીસ તપાસમાં ખૂલ્યું હતું કે તેણે અંગત સ્વાર્થ માટે ખોટી બોગસ પાવર ઓફ એટર્ની ઊભી કરી તેનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, આરોપી લોકોને ડરાવવા-ધમકાવવા માટે એસિડ એટેક કરવાની ગંભીર ધમકીઓ પણ આપતો હતો, જેના કારણે જાહેર જનતામાં ભય અને દહેશતનો માહોલ પેદા થયો હતો.

આ રીઢા ગુનેગારની અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે ખેડા એલસીબીએ સઘન પુરાવા એકત્ર કરી પાસા હેઠળની દરખાસ્ત તૈયાર કરી હતી. કલેક્ટરે કેસની ગંભીરતાને ધ્યાને લઈ આ દરખાસ્ત મંજૂર કરતા પાસા વોરંટ ઈસ્યુ કર્યું હતું. જેના આધારે પોલીસે 14 જૂન 2026ના રોજ આરોપીની ધરપકડ કરી તેને જેલ હવાલે કર્યો છે. આ કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# આણંદ જિલ્લાના તળાવ, નદીમાં પ્રવેશ પર પ્રતિબંધ

**આણંદ અધિક જિલ્લા** મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૫

આણંદ જિલ્લામાં જળ સુરક્ષાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ તેમને મળેલી સત્તાની રૂએ જિલ્લાની હદમાં આવતા તમામ નદી, તળાવો, નહેર, દરિયા તેમજ જળાશયોમાં સામાન્ય જનતા કે પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું છે.

આ જાહેરનામાની વિગતો અનુસાર, આણંદ જિલ્લાના હદ વિસ્તારમાં આવતા નિર્ધારિત જળાશયોમાં કોઈ પણ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા પ્રવેશ કરવા પર રોક લગાવી દેવામાં આવી છે. આ ઉપરાંત, સક્ષમ સત્તાધિકારીની પૂર્વ પરવાનગી વગર કોઈપણ પ્રકારની બોટિંગ પ્રવૃત્તિ કરવા પર પણ સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આ હુકમ આગામી ૨૮મી, ૨૦૨૬ સુધી સમગ્ર આણંદ જિલ્લાના હદ વિસ્તારમાં અમલી રહેશે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જે કોઈ પણ વ્યક્તિ આ જાહેરનામાના હુકમનો ભંગ કરશે અથવા આ ઉલ્લંઘનમાં મદદગાર સાબિત થશે, તે તમામ સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લાના તમામ મહત્વના જળાશયો અને પ્રવાસન સ્થળો પર આ નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે તંત્ર સજ્જ બન્યું છે.

### 'ફોટા વાયરલ કરીશ અને દીકરીને પતાવી દઈશ' પરિણીતાને ધમકી આપી

# મહુધામાં સંબંધો તોડવા છતાં યુવકે પરિણીતાની છેડતી કરી

**રસ્તામાં જાહેરમાં** છેડતી કરતાં કંટાળી પરિણીતાએ ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૫

મહુધા પંથકના એક ગામમાં રહેતી ૨૧ વર્ષીય પરિણીતાને અગાઉના સંબંધોના ફોટા વાયરલ કરવાની અને તેની માસૂમ દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપી અઘટિત માંગણી કરનાર મોસીન મલેક નામના શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. યુવકની સતત પજવણીથી કંટાળીને અંતે પીડિતાએ પરિવારના સાથથી કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીડિતા બે મહિના પહેલા જ્યારે એક કંપનીમાં નોકરી કરતી હતી ત્યારે તેને પોતાના જ ગામના મોસીન મલેક સાથે પરિચય થયો હતો. એક દિવસ મોસીન તેને ઘરે ઉતારી દેવાનું કહી ગાડીમાં બેસાડી એક ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો, જ્યાં બંનેએ પરસ્પરની સંમતિથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ ઘટના બાદ પરિણીતાએ મોસીન સાથેના તમામ સંબંધો કાપી નાખ્યા હતા, પરંતુ આરોપી તેને સતત પરેશાન કરી રહ્યો હતો.

મોસીન પરિણીતાને અવારનવાર રસ્તામાં આંતરીને બીભત્સ માંગણીઓ કરતો હતો. જો તેની માંગણી પૂરી કરવામાં ન આવે તો અગાઉના ફોટા વાયરલ કરવાની તેમજ તેની નાની દીકરીને જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપતો હતો. તાજેતરમાં જ જ્યારે મહિલા ગામમાંથી પસાર થઈ રહી હતી ત્યારે મોસીને જાહેરમાં તેનો હાથ પકડી છેડતી કરી હતી અને ફરીથી દબાણ કર્યું હતું.

આ રોજબરોજની બ્લેકમેઈલિંગથી ત્રસ્ત થઈને પીડિતાએ આખરે હકીકત પોતાના પરિવારને જણાવી હતી. આ મામલે મહુધા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. મહુધા પંથકમાં આ રીતે સરાજાહેર પરિણીતાની છેડતી કરવાને લઇ ગામમાં ભારે રોષ ફેલાયો છે.

---

# આણંદમાં લાંચ માંગનારા કર્મીને ૪ વર્ષની સખત કેદ

**આઠ વર્ષ પહેલા** ડેટા એન્ટ્રી ઓપરેટર બે હજાર સ્વીકારતા પકડાયો હતો

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૫

આણંદ જીલ્લા સેવા સદન ખાતે આવેલી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરીના ડેટા એન્ટ્રી ઓપરેટર (આઉટ સોર્સીંગ) મફત મોહનભાઈ વાળંદને લાંચ લેવાના ગુનામાં સ્પેશિયલ એસીબી કોર્ટે ૪ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે.

ઉમરેઠમાં 'અમુલ પાર્લર' ચલાવતા વેપારીનું લાયસન્સ રિન્યૂ કરાવવા માટે તેઓ ૧૨મી જૂન ૨૦૧૮ના રોજ આણંદ સ્થિત ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરીએ ગયા હતા. જ્યાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે ફરજ બજાવતા મફતભાઈએ લાયસન્સ રિન્યૂ કરવાના કામ માટે ફરિયાદી પાસે 'વહેવાર'ના રૂ. ૨,૫૦૦ની રકમ નક્કી કરવામાં આવી હતી. આ સમગ્ર વાતચીતનું મોબાઈલમાં વિડિયો રેકોર્ડિંગ પણ કરી લીધું હતું.

આ અંગે નડિયાદ એસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં ૧૫મી જૂન ૨૦૧૮ના રોજ એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં રૂ.બે હજારની લાંચ લેતા મફતભાઈ ઝડપાઈ ગયા હતા. આ કેસની સુનાવણી બાદ કોર્ટે મફતભાઈ વાળંદને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવ્યા છે. જે અંતર્ગત કોર્ટે કલમ-૭ હેઠળ ૩ વર્ષની કેદ અને ૧૦ હજાર દંડ, તેમજ કલમ-૧૩ હેઠળ ૪ વર્ષની સખત કેદ અને ૨૦ હજાર દંડની સજા ફટકારી છે. જો દંડ ન ભરે તો વધુ પાંચ માસની સજા ભોગવવાનો હુકમ કર્યો છે.

### સરદાર પટેલ યુનિવર્સિટીનો NEP-૨૦૨૦ અંતર્ગત ક્રાંતિકારી નિર્ણય

# સરદાર પટેલ યુનિવર્સિટીમાં ૪ વર્ષીય સ્નાતક કોર્સને મંજૂરી આપવામાં આવી

**ગેરવર્તણૂક મામલે** હિન્દી વિભાગના અધ્યક્ષ પદભ્રષ્ટ

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૫

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી શિક્ષણ ક્ષેત્રે મોટા પરિવર્તન તરફ ડગ માંડી રહી છે. ૧૫મી જૂન, ૨૦૨૬ના રોજ મળેલી ૨૧મી એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે ૪ વર્ષીય સ્નાતક અભ્યાસક્રમોને આખરી મંજૂરી આપવામાં આવી છે. આ શૈક્ષણિક સુધારાની સાથે યુનિવર્સિટી પ્રશાસને શિસ્ત બાબતે કડક વલણ અપનાવતા વિદ્યાર્થીઓની ગેરવર્તણૂકની ફરિયાદને આધારે હિન્દી વિભાગના અધ્યક્ષને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી દૂર કરવાનો 'એક્સ્ટ્રા ઓર્ડિનરી' નિર્ણય લીધો છે.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક વિભાગોમાં ૪ વર્ષીય સ્નાતક કાર્યક્રમના સાતમા અને આઠમા સેમેસ્ટરના અભ્યાસક્રમોને બહાલી આપવામાં આવી છે. LIC સમિતિના અહેવાલ બાદ ઓનર્સ અને રીસર્ચની બેઠકોની સંખ્યા પણ નક્કી કરી દેવામાં આવી છે, જે વિદ્યાર્થીઓ માટે સંશોધનના નવા દ્વાર ખોલશે.

**હિન્દી વિભાગના અધ્યક્ષ દૂર**

યુનિવર્સિટીમાં શૈક્ષણિક મૂલ્યો જાળવવા માટે એક મોટો નિર્ણય લેવાયો છે. હિન્દી વિભાગના પાંચ વિદ્યાર્થીઓ અને શોધછાત્ર દ્વારા વિભાગીય અધ્યક્ષ વિરુદ્ધ ગેરવર્તણૂકની ફરિયાદ કરવામાં આવી હતી. આ અંગેની તપાસ સમિતિ સમક્ષ અધ્યક્ષ ગેરહાજર રહેતા અને પ્રાથમિક અહેવાલને આધારે નિષ્પક્ષ તપાસ માટે તેમને અધ્યક્ષ પદ અને બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન પદ પરથી તાત્કાલિક દૂર કરાયા છે. આ ઉપરાંત, અગાઉ હિન્દી વિભાગને માનવ વિદ્યાભવનમાં તબદીલ કરવાનો નિર્ણય પણ રદ કરવામાં આવ્યો છે.

**વિદ્યાર્થી હિત - નૈતિકતા સર્વોપરી : કુલપતિ**

કુલપતિ પ્રો. નીરંજન પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, યુનિવર્સિટી પરિસરમાં ભયમુક્ત અને પક્ષપાતરહિત વાતાવરણ જાળવવું એ તેમની પ્રાથમિકતા છે. તેમણે ઉમેર્યું કે, "કોઈપણ સ્તરે ગેરવર્તણૂક કે શિસ્તભંગ ચલાવી લેવામાં આવશે નહીં અને દરેક વિદ્યાર્થી ન્યાયની અપેક્ષા રાખી શકે છે..

આ ઉપરાંત વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું નવું ટર્મ શીડ્યુલ (UG-PG) સુધારા સાથે મંજૂર કરાયું છે.

# સારસામાં ઈથેનોલ કંપની સામે વિરોધ વધુ ઉગ્ર બન્યો

**ગામમાં કોઈપણ** સંજોગોમાં ઈથેનોલ ફેક્ટરી શરુ કરવા નહીં દેવાયનો નિર્ધાર

(પ્રતિનિધિ) આણંદ તા ૧૫

સારસામાં ઈથેનોલની કંપનીના નિર્માણ સામે વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. રવિવારે ગ્રામજનો અને અગ્રણીઓ દ્વારા ફેક્ટરીના સ્થળે એકઠા થઈને બેનરો સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો. જેમાં સત કૈવલ જ્ઞાનપીઠના પૂ.સંત અવિચલદાસજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સારસામાં નિર્માણ થનાર ઈથેનોલ ફેક્ટરીની જમીન પાસે ૫૦૦થી વધુ ગ્રામજનો એકઠાં થયા હતા. હાથમાં બેનરો સાથે ફેક્ટરી શરૂ ન કરવાના દેખાવો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. ગામમાં કોઈપણ સંજોગોમાં ઈથેનોલ ફેક્ટરી શરુ કરવા નહીં દેવાયનો નિર્ધાર વ્યક્ત કરીને વ્યાપક વિરોધ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે પૂ.અવિચલદાસજી મહારાજે જણાવ્યું હતું કે, અમારા વિરોધ છતાં સરકાર દ્વારા ફેક્ટરીનું નિર્માણ કામ શરુ કરવામાં આવશે તો અમે ઉપવાસ આંદોલન શરુ કરીશું. પ્રથમ દિવસે હું પોતે ઉપવાસ ઉપર ઉતરીશ અને જરુર પડશે તો રાષ્ટ્રીય સંત સમિતિની બેઠક પણ બોલાવવામાં આવશે. આ ઉપવાસ દરમ્યાન દરરોજ એક કાર્યકર ઉપવાસ કરશે.વધુમાં જણાવ્યું હતું કે, કંપનીના માલિકો દ્વારા આ વિસ્તારમાં તદ્દન જુઠ્ઠાણું ફેલાવવામાં આવ્યું છે અને ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. ફેક્ટરીના લાયસન્સ સંદર્ભે મહારાજશ્રીએ સીબીઆઈ દ્વારા તપાસ થાય તેવી માંગણી પણ કરી હતી.

---

# પીપળાવ દૂધ મંડળીમાં ૨૮ ટકા લેખે ૧.30 કરોડના બોનસની લહાણી

**ત્રણ પેઢીના સેવાકીય** વારસા સાથે ચેરમેન તેજસ પટેલના નેતૃત્વ હેઠળ મંડળીએ પ્રગતિના નવા શિખરો સર કર્યા

(પ્રતિનિધિ) સોજિત્રા તા.૧૫

સોજીત્રા તાલુકાની પીપળાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૭૦મી વાર્ષિક સાધારણ સભામાં પશુપાલકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. આધુનિક અને તીવ્ર હરીફાઈના યુગમાં પણ ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન જાળવી રાખીને ચેરમેન તેજસ પટેલ દ્વારા દૂધ ઉત્પાદકોને ૨૮ ટકા લેખે કુલ ૧ કરોડ ૩૦ લાખ રૂપિયાનું બોનસ ચૂકવવાનો ઐતિહાસિક નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

પીપળાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન તેજસ પટેલના પરિવારની ત્રણ પેઢીથી આ સંસ્થાનો વહીવટ સંભાળવામાં આવી રહ્યો છે. તેમના દાદા મણીભાઈ પટેલ અને પિતા બીપીનભાઈ પટેલે સ્થાપેલી પારદર્શક વહીવટની પરંપરાને તેજસ પટેલે આગળ ધપાવી છે. અગાઉ સતત ૧૫ વર્ષ સુધી ૨૫ ટકા અને છેલ્લા ૪ વર્ષથી ૨૭ ટકા બોનસ આપ્યા બાદ, આ વર્ષે ૨૮ ટકા બોનસ આપીને મંડળીએ નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

આ પ્રસંગે ચેરમેન તેજસ પટેલે પશુપાલકોને માત્ર દૂધ જ નહીં, પણ ગ્રીન એનર્જી અને વૈજ્ઞાનિક અભિગમ સાથે જોડવા પર ભાર મૂક્યો છે. તેમણે જણાવ્યું કે, દેશી ગાયના ઉછેર અને સંવર્ધન દ્વારા વધુ આર્થિક ફાયદો મેળવી શકાય છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના હેઠળ પશુપાલકોને સોલાર ઉર્જા સાથે જોડી તેમના વ્યવસાયને નફાકારક બનાવવા અને પશુના છાણ-મૂત્રમાંથી બાયોગેસ તથા સેન્દ્રીય ખાતર બનાવી વધારાની આવક મેળવવા માટે તેઓ સતત કાર્યશીલ છે.

આ મોટી સફળતા પાછળ સભાસદો દ્વારા ભરવામાં આવતું ચોખ્ખું દૂધ, વ્યવસ્થાપક કમિટીની પ્રમાણિકતા અને કર્મચારીઓની કરકસરભર્યા વહીવટની ધગશ મુખ્ય કારણ ગણવામાં આવે છે.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઇઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225